**AFI**

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name Of The Post** | **Child Marriage Prevention Officer Class-2** |
| **Advertisement No** | **31/2018-19** |
| **Preliminary Test Held On** | **14-10-2018** |
| **Que. No.** | **001-300(G.S. & Concerned Subject)** |
| **Publish Date** | **16-10-2018** |
| **Last Date To Send Suggestion (S)** | **24-10 -2018** |

# Note:-

**(1) All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.**

**(2) All Suggestions are to be sent in the given format only.**

**(3) Candidate must ensure the above compliance.**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારોએ પોતાને પરીક્ષામાં મળેલ સીરીઝની પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા

(3) ઉમેદવારોએ ઉક્ત સૂચનાનું અચૂક પાલન કરવું અન્યથા વાંધા-સૂચનો અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહી.

001. ભારતના પ્રમાણ સમયની રેખા કેટલા રાજ્યોમાંથી પસાર થાય છે ?

(A) ચાર
(B) પાંચ
(C) છ
(D) સાત

002. (1) પશ્ચિધાર દ્વીપકલ્પીય નદીઓનો મુખ્ય જળવિભાજક ગણાય છે.

(2) મહાનદી, કૃષ્ણા, કાવેરી દ્વિપકલ્પની મુખ્ય નદીઓ છે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(D) બંને વિધાનો સાચાં છે.

003. ભારતમાં મેહગિની, અબનૂસ, રઝિવુડ રબર વગેરે વૃક્ષો કયા પ્રકારના જંગલોમાં જોવા મળે છે ?

(A) ઉષ્ણકટિબંધીય ખરાઉ જંગલો
(B) સમશીતોષ્ણ કટિબંધીય જંગલો
(C) ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો
(D) ઉષ્ણકટિબંધીય કાંટાળાં જંગલો

004. બાંદીપુર અભયારણ્ય ક્યાં આવેલ છે ?

(A) મહારાષ્ટ્ર
(B) રાજસ્થાન
(C) મધ્યપ્રદેશ
(D) કર્ણાટક

005. નીચે દર્શાવેલ કયા પાકને કાળી અને ખનીજ કૃત્યોના વધુ પ્રમાણવાળી જમીન, 20° સે. થી 35° સે. તાપમાન અને 30 સે.મી. થી 70 સે.મી. વરસાદ અનુકૂળ આવે છે ?

(A) ઘઉં
(B) કપાસ
(C) ડાંગર
(D) મકાઈ

006. ત્રિચકી વાહનોના ઉત્પાદનમાં ભારતનો વિશ્વમાં કેટલાંમો ક્રમ છે ?

(A) બીજો
(B) ત્રીજો
(C) પાંચમો
(D) છટ્ઠો

007. નીચે દર્શાવેલ પૈકી ભારતનું પ્રથમ જૈવ મંડળ આરક્ષિત - ક્ષેત્ર કયું છે ?

(A) સુંદરવન
(B) મન્નારની ખાડી
(C) નીલગિરિ
(D) નંદાદેવી

008. ભારતમાં કયા વર્ષ સુધી વિદેશ વ્યાપાર નીતિ ટૂંકા ગાળા માટે જાહેર કરવામાં આવતી હતી ?

(A) 1990
(B) 1985
(C) 1986
(D) 1991

009. પલ્લીવાસલ જળવિદ્યુત પરિયોજના કયા રાજ્યમાં આવેલ છે ?

(A) તમિલનાડુ
(B) કર્ણાટક
(C) આંધ્રપ્રદેશ
(D) કેરળ

010. ગુજરાતના નીચેના જિલ્લાઓ પૈકી કયા જિલ્લામાં વધુ તાલુકાઓ આવેલા છે ?

(A) અમરેલી
(B) સુરેન્દ્રનગર
(C) બનાસકાંઠા
(D) ભરૂચ

011. કઈ પંચવર્ષીય યોજના દરમિયાન હિન્દુસ્તાન સ્ટીલ લિમિટેડની સ્થાપના થઈ હતી ?

(A) બીજી
(B) ત્રીજી
(C) ચોથી
(D) પહેલી

012. ગુજરાતમાં સેન્ટ્રલ ગ્લાસ એન્ડ સિરેમિક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ક્યાં આવેલી છે ?

(A) અંકલેશ્વર (B) મોરબી

(C) વડોદરા (D) અમદાવાદ

013. પટ્ટચિત્ર ચિત્રકલાની પરંપરાગત શૈલી નીચે પૈકી કયા રાજ્યની છે ?

(A) બિહાર (B) ઓરિસ્સા

(C) છતીસગઢ (D) આંધ્રપ્રદેશ

014. ડોલ પૂર્ણિમાનો તહેવાર નીચે પૈકી કયા રાજ્યમાં મનાવવામાં આવે છે ?

(A) સિક્કિમ (B) બિહાર

(C) પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સા (D) મધ્યપ્રદેશ

015. સિદ્ધપુરનો રૂદ્રમાળ ઈસવીસનની કઈ સદીનું ખૂબ જ ભવ્ય બાંધકામ છે ?

(A) અગિયારમી (B) દસમી

(C) નવમી (D) બારમી

016. અજંતાની ગુફાઓને કયા વર્ષથી યુનેસ્કો વર્લ્ડ હેરીટેઈઝ સાઈટ તરીકે સમાવવામાં આવેલ છે ?

(A) ઈ. સ. 1983 (B) ઈ. સ. 1990

(C) ઈ. સ. 1991 (D) ઈ. સ. 1992

017. પ્રખ્યાત "મહિષાસુર"નું ચિત્ર નીચેના પૈકી કયા કલાકારનું છે ?

(A) નંદલાલ બોઝ (B) તૈયબ મહેતા

(C) અમ્રિતા શેરગીલ (D) રામ રવિ વર્મા

018. ભારતના સંવિધાનના પરિશિષ્ટમાં સમાવેશ ન થયેલ હોય તેવી ભાષાના અભ્યાસ, દસ્તાવેજીકરણ અને રક્ષણ માટે ભાષા સંશોધન અને પ્રકાશન કેન્દ્રની કયા વર્ષમાં સ્થાપના કરવામાં આવેલ છે ?

(A) ઈ. સ. 1990 (B) ઈ. સ. 1995

(C) ઈ. સ. 1996 (D) ઈ. સ. 2000

019. સુંદરી, સુરાંદો અને મોરચંગ સંગીત વાદ્યો કયા વિસ્તારના છે ?

(A) દક્ષિણ ગુજરાત (B) મધ્ય ગુજરાત

(C) ઉત્તર ગુજરાત (D) કચ્છ

020. ઝુલણ લીલા નૃત્ય કયા રાજ્યનું નૃત્ય છે ?

(A) મહારાષ્ટ્ર (B) રાજસ્થાન

(C) હિમાચલપ્રદેશ (D) બિહાર

021. એમ. એસ. ગોપાલક્રિશ્નન નીચે દર્શાવેલ વાદ્યો પૈકી કયા વાદ્યના કલાકાર છે ?

(A) તબલા (B) સરોદ

(C) વાયોલિન (D) બંસરી

022. ભારેલો અગ્નિ નવલકથાના લેખક કોણ છે ?

(A) પન્નાલાલ પટેલ (B) રમણલાલ વ. દેસાઈ

(C) રમણભાઈ નીલકંઠ (D) ઈશ્વર પેટલીકર

023. (1) હુમાયુનો મકબરો દિલ્હીમાં આવેલો છે.

(2) આ મકબરાનું નિર્માણ હુમાયુની રાણી હમીદા બેગમે કરાવ્યું હતું.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

024. ભગવાન બુદ્ધે પહેલો ઉપદેશ કયા સ્થળે આપેલ હતો ?

(A) લુમ્બિની
(B) બોધગયા
(C) સારનાથ
(D) કુશીનગર

025. વિજયનગર સામ્રાજ્યની રાજધાની કઈ નદીના કિનારા પર આવેલ હતી ?

(A) કાવેરી
(B) તુંગભદ્રા
(C) કૃષ્ણા
(D) ઉપર પૈકી એક પણ નહીં

026. સાયમન કમિશનની રચના વખતે ભારતમાં વાઈસરોય તરીકે કોણ હતું ?

(A) લોર્ડ ચેમ્સફર્ડ
(B) લોર્ડ રિડીંગ
(C) લોર્ડ લિટન
(D) લોર્ડ ઈર્વિન

027. સૌપ્રથમ ભારતમાં વેપાર માટે નીચે દર્શાવેલ વિદેશી કંપનીઓ પૈકી કઈ કંપની આવે હતી ?

(A) ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની
(B) પોર્ટુગીઝ ઈસ્ટ ઈન્ડિયા કંપની
(C) ઈંગ્લીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની
(D) ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપની

028. ગુજરાતમાં પહેલી અંગ્રેજી શાળા .......... માં દલપતરામ ભગુભાઈએ ઈ. સ. 1834માં શરૂ કરી હતી.

(A) અમદાવાદ
(B) વડોદરા
(C) સૂરત
(D) રાજકોટ

029. ધી વર્નાક્યુલર પ્રેસ એક્ટ તરીકે પ્રચલિત ધારો કયા વરસનો હતો ?

(A) ઈ. સ. 1876
(B) ઈ. સ. 1875
(C) ઈ. સ. 1877
(D) ઈ. સ. 1878

030. ભારતમાં વીજળીક ટેલીગ્રાફ અને રેલ્વેવો આરંભ કરવાનું શ્રેય કયા ગવર્નર જનરલને ફાળે જાય છે ?

(A) ડેલહાઉસી
(B) હાર્ડિંજ
(C) એલનબરો
(D) ઑકલેન્ડ

031. આર્યસમાજની ઈ. સ. 1875માં સ્થાપના સૌપ્રથમ કયા સ્થળે થઈ હતી ?

(A) કલકત્તા
(B) મોરબી
(C) મુંબઈ
(D) અમૃતસર

032. નીચેના બનાવોને કાલ ક્રમાનુસાર ગોઠવીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) સિમલા પરિષદ

(2) મુંબઈમાં નેશનલ કોંગ્રેસના પ્રથમ અધિવેશનનું ઉદ્‌ઘાટન

(3) રાણી વિક્ટોરીયાને ભારતની સામ્રાજ્ઞી જાહેર કરવામાં આવેલ.

(4) પ્રથમ સામાન્ય વસતી ગણતરીનો પ્રારંભ

(A) 1, 3, 2, 4
(B) 3, 1, 2, 4
(C) 1, 2, 3, 4
(D) 1, 3, 4, 2

033. ડૉ. એની બેસન્ટે ઈ. સ. 1915માં "ન્યુ ઈન્ડિયા" દૈનિક કયા સ્થળેથી શરૂ કરેલ હતું ?

(A) કલકત્તા
(B) મદ્રાસ
(C) દિલ્હી
(D) મુંબઈ

034. ક્રિષ્ના દેવ રાય નીચેના પૈકી કોના સમકાલીન હતા ?

(A) અકબર
(B) હુમાયુ
(C) બાબર
(D) શેરશાહ

035. "યુગાન્તર" મુખ્યપત્ર નીચે દર્શાવેલ સંસ્થાઓ પૈકી કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવતું હતું ?

(A) અનુશીલન સમિતિ
(B) અભિનવ ભારત
(C) આર્યસમાજ
(D) ઈન્ડિયન હોમરૂલ સોસાયટી

036. શિવાજીના અષ્ટપ્રધાનમાં મહેસૂલ અને નાણા મંત્રીની કામગીરી સંભાળનાર કયા નામથી ઓળખાતા હતા ?

(A) પેશ્વા (મુખ્ય પ્રધાન)
(B) મજુમદાર (અમાત્ય)
(C) દાબીર (સુમંત)
(D) સુરનાવીસ (સચિવ)

037. ભારત વિશ્વમાં અનાજ ઉત્પાદન કરવામાં કેટલામાં સ્થાન પર છે ?

(A) બીજા
(B) ચોથા
(C) પહેલા
(D) ત્રીજા

038. ભારતમાં હમરીબાગ, સિંહભૂમ તથા બાલાઘાટમાં કઈ ખનીજ પ્રાપ્ત થાય છે ?

(A) બોક્સાઈટ
(B) તાંબુ
(C) લોખંડ
(D) ઉપર પૈકી એક પણ નહીં

039. નવી ઔદ્યોગિક નીતિ 1991નું મુખ્ય લક્ષ્ય શું હતું ?

(A) ઉદારીકરણ
(B) ખાનગીકરણ
(C) વૈશ્વીકરણ
(D) ઉપરના ત્રણેય

040. (1) ખાધવાળા અંદાજપત્રમાં કરવેરાનો બોજો ઓછો હોય છે.

(2) પુરાંતવાળા અંદાજપત્રથી પ્રજા પર ભવિષ્યમાં કરવેરાનો બોજો પડતો નથી.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

041. ક યાદીને ખ યાદી સાથે જોડીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| ક | ખ |
|---|---|
| (I) પ્રત્યક્ષ કરવેરાની આવક | (1) મૂડી આવક |
| (II) વિમૂડીકરણમાંથી થતી આવક | (2) મૂડી ખર્ચ |
| (III) કર્મચારીઓના પગાર ભથ્થાનો ખર્ચ | (3) મહેસૂલી આવક |
| (IV) દેવાની ચૂકવણીનો ખર્ચ | (4) મહેસૂલી ખર્ચ |

(A) I-3, II-2, III-1, IV-4
(B) I-1, II-3, III-2, IV-4
(C) I-3, II-1, III-2, IV-4
(D) I-3, II-1, III-4, IV-2

042. તેજી-મંદીના વેપારચક્રને લીધે રોજગારીમાં થતા વધારા કે ઘટાડાને કયા પ્રકારની બેરોજગારી કહેવાય છે ?

(A) ઘર્ષણજન્ય બેરોજગારી
(B) મોસમી બેરોજગારી
(C) ચક્રીય બેરોજગારી
(D) માળખાગત બેરોજગારી

043. પોસ્ટ ખાતા દ્વારા શ્રીનગરના દાલ સરોવરમાં તરતી (Floating) પોસ્ટ ઓફિસની શરૂઆત કયા વર્ષમાં કરેલ હતી ?

(A) વર્ષ 2014 માં
(B) વર્ષ 2011 માં
(C) વર્ષ 2015 માં
(D) વર્ષ 2010 માં

044. પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણનીતિની કામગીરી કોને સોંપવામાં આવેલ છે ?

(A) ભારતીય રિઝર્વ બેન્ક
(B) નાણા મંત્રાલય
(C) વાણિજ્ય મંત્રાલય
(D) ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ (DIPP)

045. સ્મોલ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયાનું વડું મથક ક્યાં આવેલ છે ?

(A) હૈદરાબાદ
(B) લખનઉ
(C) મુંબઈ
(D) કોલકત્તા

046. ધી હાઉસીંગ એન્ડ અરબન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (HUDCO) ની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

(A) ઈ. સ. 1970
(B) ઈ. સ. 1974
(C) ઈ. સ. 1976
(D) ઈ. સ. 1975

047. પ્રધાનમંત્રી પાક વીમા યોજનામાં ખેડૂતોએ બાગાયતી પાક માટે ..........% પ્રિમીયમની ચૂકવણી કરવાની હોય છે ?

(A) 1%
(B) 1.5%
(C) 5%
(D) 2%

048. "ગ્રામ ઉદયસે ભારત ઉદય અભિયાન"ની શરૂઆત કયા વર્ષમાં થયેલ છે ?

(A) ઈ. સ. 2015
(B) ઈ. સ. 2017
(C) ઈ. સ. 2014
(D) ઈ. સ. 2016

049. ભારતના સંવિધાનના આમુખમાં નીચે પૈકી શાનો સમાવેશ થતો નથી ?

(A) સામાજિક ન્યાય
(B) ધર્મ અને ઉપાસનાની સમાનતા
(C) આર્થિક ન્યાય
(D) રાજકીય ન્યાય

050. ભારતના સંવિધાનના ભાગ-3-મૂળભૂત હકો અંતર્ગત અનુચ્છેદ 19(1) તથા 31 કયા બંધારણીય સુધારાથી રદ કરવામાં આવેલ છે ?

(A) સોળમો
(B) બેતાલીસમો
(C) ચુંમાળીસમો
(D) છયાંશીમો

051. ભારતના સંવિધાન હેઠળ નાગરિકોને કેટલા પ્રકારના સ્વાતંત્ર્યના હક મળે છે ?

(A) છ
(B) સાત
(C) પાંચ
(D) આઠ

052. (1) ભારતના એટર્ની જનરલને ભારતના રાજ્યક્ષેત્રમાંના તમામ ન્યાયાલયોમાં સુનાવણીનો હક રહેશે.
(2) ભારતના એટર્ની જનરલને રાષ્ટ્રપતિ નક્કી કરે તે જ મહેનતાણું મળશે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

053. સંસદની રચનામાં શાનો સમાવેશ થાય છે ?

(A) લોકસભા
(B) લોકસભા અને રાજ્યસભા
(C) રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભા
(D) રાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભા

054. (1) સંસદના ગૃહોએ પસાર કરેલ વિધેયકને રાષ્ટ્રપતિની અનુમતિ માટે ભારતના સંવિધાનના અનુચ્છેદ 111ની જોગવાઈ હેઠળ મોકલવામાં આવે છે.

(2) રાષ્ટ્રપતિ કોઈપણ વિધેયકને તેની જોગવાઈઓની પુનર્વિચારણા માટે ગૃહોને પાછું મોકલી શકે છે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

055. ઉચ્ચતમ ન્યાયાલયની હકૂમત વધારવાની સત્તા ભારતના સંવિધાન હેઠળ કોની છે ?

(A) રાષ્ટ્રપતિની
(B) વડાપ્રધાનની
(C) રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન બંનેની
(D) સંસદની

056. નીતિ આયોગની ગવર્નીંગ કાઉન્સીલની પહેલી બેઠક ક્યારે મળેલ હતી ?

(A) તા. 1-2-2015
(B) તા. 8-2-2015
(C) તા. 1-3-2015
(D) તા. 1-4-2015

057. રાજ્યની વિધાનસભાએ અથવા વિધાન પરિષદવાળા રાજ્યમાં, રાજ્યના વિધાનમંડળના બંને ગૃહોએ પસાર કરેલ વિધેયક રાજ્ય પાલને અનુમતિ માટે રજૂ કરવામાં આવે અને રાજ્યપાલનો એવો અભિપ્રાય થાય કે આ વિધેયક કાયદો બને તો ઉચ્ચ ન્યાયાલયની સત્તા એટલે સુધી ઘટી જશે કે તે ન્યાયાલયને સંવિધાનની આપવા ધારેલ સ્થાન જોખમાશે તો આવા પ્રસંગે રાજ્યપાલ ભારતનાં સંવિધાનની જોગવાઈ હેઠળ કઈ કાર્યવાહી કરી શકે છે ?

(A) વિધેયકને અનુમતિ આપી શકે છે.
(B) તેઓના સલાહસૂચન સહિત વિધેયક ગૃહ/ગૃહોને પરત મોકલી શકે છે.
(C) વિધેયકને તેઓની પાસે કોઈ પણ નિર્ણય લીધા સિવાય રાખી શકે છે.
(D) રાષ્ટ્રપતિની વિચાણા માટે અનામત રાખી શકે છે.

058. બે કે વધુ રાજ્યો તેમના જુથ માટે એક લોક સેવા આયોગ રાખવાની સમજૂતી કરી શકશે તે અંગે નીચે દર્શાવેલ કઈ સંવિધાનિક જોગવાઈ યોગ્ય છે ?

(A) રાષ્ટ્રપતિ વટ હુકમ કરીને જોગવાઈ કરી શકે છે.
(B) સંસદ આગવી રીતે અલગથી કાયદો કરી શકે છે.
(C) બે કે વધુ રાજ્યો પૈકી દરેક રાજ્યાના વિધાનમંડળનું ગૃહ કે બે ગૃહો હોય ત્યાં દરેક ગૃહ આ મતલબનો ઠરાવ કરે તો સંસદ સંયુક્ત લોકસેવા આયોગ નીમવા કાયદાથી જોગવાઈ કરી શકે.
(D) (A) અને (B) બંને રીતે જોગવાઈ થઈ શકે છે.

059. ભારતના સંવિધાનની જોગવાઈ અંતર્ગત "ગ્રામસભા" એટલે –

(A) ગ્રામ સ્તરે, પંચાયત વિસ્તારમાં રહેતા વ્યક્તિઓનું બનેલું મંડળ
(B) ગ્રામ સ્તરે પંચાયત વિસ્તારમાં રહેતી પુખ્ત ઉંમરની વ્યક્તિઓનું બનેલું મંડળ
(C) ગ્રામ સેવક અને પંચાયતના ચૂંટાયેલા સભ્યોનું બનેલું મંડ
(D) ગ્રામ સ્તરે, પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામને લગતી મતદારયાદીમાં નોંધાયેલી વ્યક્તિઓનું મંડળ

060. ભારતના સંવિધાન હેઠળ ચૂંટણી આયોગ, મુખ્ય ચૂંટણી કમિશનર અને ......... વખતોવખત નક્કી કરે તેટલા બીજા ચૂંટણી કમિશનરોનું બનશે ?

(A) વડાપ્રધાન
(B) રાષ્ટ્રપતિ
(C) સંસદ
(D) ભારત સરકારના કાયદા પ્રધાન

061. નીચેના પ્રશ્નમાં પ્રશ્નચિન્હમાં કઈ સંખ્યા આવે તેનો વિકલ્પ પસંદ કરો.

1, 5, 9, ? 25 37 49 65

(A) 11
(B) 15
(C) 17
(D) 18

062. કોઈ સાંકેતિક ભાષામાં ABILITY ને કોડમાં 1293927 લખાય તો CONFIDENCE ને કોડમાં કઈ રીતે લખાય

(A) 3 6 5 6 9 4 5 1 4 3 5
(B) 3 5 6 5 9 4 5 5 3 5
(C) 3 6 5 6 9 4 5 5 3 5
(D) ઉપર પૈકી એક પણ નહીં

063. ક તથા ખ નો માસિક પગાર 3 : 5 ના ગુણોત્તરમાં છે. બંનેના માસિક પગારમાં રૂપિયા 20 નો વધારો થાય છે અને પગારનો ગુણોત્તર 13 : 21 થાય છે, તો ક નો પગાર કેટલો હશે ?

(A) રૂપિયા 220
(B) રૂપિયા 240
(C) રૂપિયા 210
(D) રૂપિયા 400

064. નીચે દર્શાવેલ અકૃતિમાં કેટલા ત્રિકોણ છે ?



(A) 6
(B) 8
(C) 7
(D) 9

065. એક કામ 16 માણસો પ્રતિદિન 7 કલાક કામ કરીને 24 દિવસમાં પૂરૂં કરે છે. આ જ કામ 8 માણસો પ્રતિદિન 4 કલાક કામ કરીને કેટલા દિવસમાં પૂરૂં કરી શકે છે ?

(A) 84 દિવસ
(B) 64 દિવસ
(C) 56 દિવસ
(D) 60 દિવસ

066. એક વસ્તુ પર વેચાણ કિંમતનું લેબલ રૂપિયા 120 છે અને વેપારી ક્રમશઃ બે તબક્કામાં 5% વળતર આપે છે તો તે વસ્તુની વેચાણ કિંમત ખરેખર કેટલા રૂપિયા થાય ?

(A) રૂપિયા 110
(B) રૂપિયા 108.30 પૈસા
(C) રૂપિયા 108.70 પૈસા
(D) રૂપિયા 108.00 પૈસા

067. નીચે દર્શાવેલા પૈકી નફાની ટકાવારીની દ્દષ્ટિએ કયો વિકલ્પ સૌથી ઉત્તમ છે ?

| મૂડી કિંમત રૂપિયામાં | નફો રૂપિયામાં |
|---|---|
| (1) 38 | 17 |
| (2) 50 | 22 |
| (3) 40 | 19 |
| (4) 60 | 24 |

(A) 1
(B) 2
(C) 3
(D) 4

068. રૂપિયા 5000 ના બે વર્ષ માટે 4% ના દરે ચક્રવૃદ્ધિ વ્યાજ અને સાદા વ્યાજનો તફાવત કેટલો થાય ?

(A) 32 રૂપિયા
(B) 16 રૂપિયા
(C) 90 રૂપિયા
(D) 8 રૂપિયા

069. એક હોડી એક કલાકમાં પાણીના સીધા પ્રવાહમાં 40 કિ.મી. જાય છે અને તેટલું જ અંતર પાણીના ઉલટા પ્રવાહમાં બે કલાક થાય છે તો હજુ બોટની પાણીમાં પ્રતિ કલાક/કિ.મી. કેટલી ઝડપ છે ?

(A) 20 કિ.મી./કલાક
(B) 15 કિ.મી./કલાક
(C) 30 કિ.મી./કલાક
(D) 10 કિ.મી./કલાક

070. 20 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 14 વર્ષ છે. આ વિદ્યાર્થીઓ પૈકી 16 વર્ષની ઉંમર ધરાવતો એક વિદ્યાર્થી જાય છે અને તેના બદલે એક નવો વિદ્યાર્થી આવતા તેઓની સરેરાશ ઉંમર 13.8 વર્ષ થાય છે. તો નવા આવનાર વિદ્યાર્થીની ઉંમર કેટલી હશે ?

(A) 12 વર્ષ
(B) 11 વર્ષ
(C) 14 વર્ષ
(D) ઉપર પૈકી એક પણ નહીં

071. જો કોઈ સંખ્યાના ત્રણ ગણા, તે સંખ્યાના 3/5 થી 120 વધારે હોય તો તે સંખ્યા કઈ હશે ?

(A) 90
(B) 70
(C) 180
(D) 50

072. જો X, Y ના 40% હોય, તો X કેટલા ટકા Y થશે ?

(A) 125%
(B) 62.5%
(C) 250%
(D) 80%

073. કઠણ પાણીને નરમ બનાવવામાં શાનો ઉપયોગ થાય છે ?

(A) ફટકડી
(B) સોડિયમ કાર્બોનેટ
(C) કેલ્શિયમ કાર્બોનેટ
(D) ક્લોરિન

074. સબમરીનમાંથી દરિયાની સપાટી પરના પદાર્થને શાની મદદથી જોઈ શકાય છે ?

(A) માઈક્રોસ્કોપ
(B) ટેલિસ્કોપ
(C) ગાયરોસ્કોપ
(D) પેરિસ્કોપ

075. સ્કેનર એ .......... ડિવાઈસ છે.

(A) આઉટપુટ
(B) ઈનપુટ
(C) પોઈન્ટીંગ
(D) પ્રોસેસીંગ

076. કોમ્પ્યુટરમાં સૌથી વધુ સંગ્રહશક્તિ ધરાવતું સોધન .......... છે.

(A) DVD
(B) HD
(C) CD
(D) Flash Drive

077. HTML એટલે ..........

(A) Hyper Text Memory Language
(B) Hyper Text Mail Language
(C) Hyper Transfer Mark up Language
(D) Hyper Text Markup Language

078. થોમસ આલ્વા એડીસન કે જેઓ શોધક અને ઉદ્યોગપતિ તરીકે ખ્યાતનામ થયેલ છે. તેઓ કયા દેશના હતા ?

(A) બ્રિટન
(B) જર્મની
(C) અમેરિકા
(D) પોલેન્ડ

079. લાલ રક્તકણો (RBC) શેમાં બને છે ?

(A) હૃદય
(B) યકૃત
(C) નાના આંતરડા
(D) બેનમેરો

080. આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ સંરક્ષણ સંઘ (IUCN) દ્વારા તૈયાર કરવામાં આવતી લાલ યાદીમાં વન્ય જીવો ને કુલ કેટલી શ્રેણીમાં દર્શાવવામાં આવે છે ?

(A) પાંચ
(B) છ
(C) નવ
(D) દસ

081. વિશ્વ પર્યાવરણ દિવસ, 2017 નું થીમ (Theme) શું હતું ?

(A) We are with nature
(B) I am with nature
(C) I am with good environment
(D) ઉપર પૈકી એક પણ નહીં

082. વિશ્વ પાણી દિવસ (World Water Day) નીચે પૈકી કયા દિવસે મનાવવામાં આવેલ હતો ?

(A) તા. 21-3-2018
(B) તા. 21-2-2018
(C) તા. 26-3-2018
(D) તા. 22-3-2018

083. યુનાઈટેડ નેશન્સ ક્લાયમેન્ટ ચેન્જ કોન્ફરન્સ 2017 નું આયોજન કયા સ્થળે થયેલ હતું ?

(A) પેરિસ
(B) બોન
(C) લંડન
(D) ટોકિયો

084. ગાઉટ (Gout) માં હાડકાનાં સાંધાઓમાં કયા પ્રકારનો એસિડ જમા થવાથી સાંધામાં દુ:ખાવો મહેસૂસ થાય છે ?

(A) સાઈટ્રિક એસિડ
(B) એસિટિક એસિડ
(C) ઓકઝીલીક એસિડ
(D) ઉપર પૈકી એક પણ નહીં

085. વર્ષ 2018માં રમાયેલ એશીયન ગેમ્સમાં નીચેની રમતો પૈકી કઈ રમતનો સમાવેશ સૌપ્રથમ વખત થયેલ હતો ?

(A) બેઝબોલ
(B) 3 × 3 બાસ્કેટ બોલ
(C) બીએમએક્સ ફ્રિસ્ટાઈલ
(D) ઉપરના (B) અને (C) બંનેનો

086. 2018ની એશીયન ગેમ્સમાં કેટલા દેશોએ ભાગ લીધો હતો ?

(A) 50
(B) 52
(C) 45
(D) 51

087. એશીયન ગેમ્સના પ્રારંભથી આજ સુધીમાં તેનું આયોજન ભારતમાં કેટલી વખત થયેલ છે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

088. ફેબ્રુઆરી 2018માં પ્રધાનમંત્રી તરીકે રાજીનામું આપનાર શ્રી હેલેમેરીયમ દેસાલાગેન, કયા દેશના પ્રધાનમંત્રી હતા ?

(A) દક્ષિણ આફ્રિકા
(B) ઈન્ડોનેશીયા
(C) ઈથિયોપીયા
(D) થાઈલેન્ડ

089. આયુષ્યમાન ભારત યોજના ડીરેક્ટર તરીકે ભારત સરકારે નીચેના પૈકી કોની નિયુક્તી કરેલ છે ?

(A) ડૉ. દિનેશ અરોરા
(B) ઈન્દુ ભૂષણ
(C) ડી. એસ. ગુજરાલ
(D) ઉપર પૈકી અક પણ નહીં

090. સર્વશ્રેષ્ઠ ફિલ્મ તરીકે 90મો ઓસ્કાર એવોર્ડ નીચેનામાંથી કોને મળેલ છે ?

(A) ધી ફેનટાસ્ટિક વૂમન
(B) ધી શેપ ઓફ વોટર
(C) કોલ મી બાય યોર નેમ
(D) આઈ ટોન્યા

091. ભારતના પ્રથમ મહિલા ફાઈટર પાયલોટ બનવાનું શ્રેય નીચેના પૈકી કોને જાય છે ?

(A) અવની ચૌધરી (B) પુનિતા અરોરા

(C) ભાવના કાંથ (D) અવની ચતુર્વેદી

092. વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ, 2018ની યાદીમાં પહેલા ક્રમાંક પર કયા દેશનો સમાવેશ થયેલ છે ?

(A) નોર્વે (B) આઈસલેન્ડ

(C) ફિનલેન્ડ (D) સ્વીડન

093. કયા દેશોની નૌસેના દ્વારા ''વરૂણા'' યુદ્ધ અભ્યાસ વર્ષ 2018 માં કરવામાં આવેલ હતો ?

(A) પાકિસ્તાન અને ફ્રાંસ (B) રશિયા અને ફ્રાંસ

(C) રશિયા અને ચીન (D) ભારત અને ફ્રાંસ

094. ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું 105મું અધિવેશન કયા સ્થળે મળેલ હતું ?

(A) ઈમ્ફાલ (B) ન્યૂ દિલ્હી

(C) કલકત્તા (D) મુંબઈ

095. જર્મનીના ચાન્સેલર એંજેલા મર્કેલ વર્ષ 2018માં કેટલામી વખત દેશના ચાન્સેલર તરીકે ચૂંટાઈ આવેલ હતા ?

(A) બીજી (B) ત્રીજી

(C) ચોથી (D) પાંચમી

096. ''વિધાન પરિષદ'' ની રચના કરવા માટે કયા રાજ્યે ઠરાવ પાસ કરેલ છે ?

(A) તેલંગણા (B) ઓરિસ્સા

(C) છતીસગઢ (D) ગુજરાત

097. ''મુખ્યમંત્રી કન્યા ઉત્થાન યોજના'' કયા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવેલ છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) મધ્યપ્રદેશ

(C) બિહાર (D) છતીસગઢ

098. નીચેના વિધાનો ચકાસો.

(1) કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીના મહાનિર્દેશક તરીકે શ્રી વિનીત જોશીની નિયુક્તી કરવામાં આવેલ છે.

(2) આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન શિખર સંમેલન માર્ચ 2018માં ન્યૂ દિલ્હી ખાતે યોજાયેલ હતું.

(A) બંને વિધાનો સાચાં છે. (B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

(C) વિધાન (1) ખોટું અને (2) સાચું છે. (D) બંને વિધાનો ખોટાં છે.

099. ભારત અને ફ્રાન્સ વચ્ચે મોબીલાઈઝ યોર સીટી (MYC) ના થયેલ કરાર અંતર્ગત શહેરી યાતાયાતના કારણે પેદા થતા ગ્રીન હાઉસ ગેસના ઘટાડાની સહાયતા માટે પાયલોટ પ્રોજેક્ટમાં ભારતના કેટલા શહેરોની પસંદગી થયેલ છે ?

(A) પાંચ (B) સાત

(C) દસ (D) ત્રણ

100. કેન્દ્રિય મંત્રાલય, પૃથ્વી વિજ્ઞાન (Earth Science) દ્વારા કેરાલામાં કયા સ્થળે સાયક્લોન વોર્નીંગ સેન્ટર સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ છે ?

(A) કન્નૂર (B) કોટ્ટયામ

(C) થીરૂવ અનંતપુરમ (D) કોચી

101. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006ના મુજબ કોઈ પણ બાળ લગ્નથી જો કોઈ બાળક જન્મેલ હોય તો તે બાળક .......... ગણાશે.

(A) અનૌરસ

(B) ઔરસ

(C) ઔરસ છે કે અનૌરસ તે અદાલતના નિર્ણયાધીન

(D) જો લગ્ન રદ્દ ઠરે તો અનૌરસ અને લગ્ન કાયદેસર ઠરે તો ઔરસ

102. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 મુજબ (કલમ 12ની જોગવાઈ સિવાયના) દરેક બાળ લગ્ન -

(A) બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 ના અમલ પછી થયા હોય તો રદ્દ છે.

(B) શરૂઆતથી જ રદ્દ છે.

(C) લગ્ન સમયે બાળક હોય તે પક્ષકારની ઇચ્છાનુસર રદ્દ થવાને પાત્ર છે.

(D) ગેરકાનૂની છે.

103. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 મુજબ જો કોઈ 18 વર્ષથી વધુ વયનો પુખ્ત પુરુષ બાળ લગ્ન કરે તો તે .......... .

(A) બે વર્ષ સુધીની સખત કેદની સજા અને દંડને પાત્ર થાય છે.

(B) બે વર્ષથી વધુ સખત કેદની સજાને પાત્ર થાય છે.

(C) એક વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની સજાઅને દંડને પાત્ર થાય છે.

(D) એક વર્ષ અને છ માસની કેદની સજાને પાત્ર થાય છે.

104. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 હેઠળના ગુના ..........

(A) બિન જામીનપાત્ર અને નોન-કોગ્નીઝેબલ છે.

(B) કોગ્નીઝેબલ અને જામીનપાત્ર છે.

(C) કોગ્નીઝેબલ અને બિનજામીનપાત્ર છે.

(D) જામીનપાત્ર અને કોગ્નીઝેબલ છે.

105. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 હેઠળ લગ્ન રદબાતલ ઠરાવવાનું હુકમનામુ .......... .

(A) બાળલગ્ન પ્રતિબંધક અધિકારી આપે છે.

(B) જિલ્લા અદાલત આપે છે.

(C) બાળલગ્ન પ્રતિબંધક અધિકારીની ભલામણથી રાજ્ય સરકાર આપે છે.

(D) જિલ્લા કલેકટર આપે છે.

106. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 હેઠળ બાળ લગ્ન એટલે લગ્ન સમયે .......... .

(A) લગ્નના કોઈ પણ પક્ષકાર બાળક હોય.

(B) માત્ર સ્ત્રી પક્ષકાર બાળક હોય.

(C) બંને પક્ષકાર બાળક હોય.

(D) માત્ર પુરુષ પક્ષકાર બાળક હોય.

107. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 હેઠળ જો કોઈપણ વ્યક્તિ બાળલગ્ન કરાવે તો તે .......... .

(A) એક વર્ષ સુધીની ગમે તે પ્રકારની કેદની શિક્ષા અથવા પચાસ હજાર રૂપિયા સુધીના દંડ અથવા બંને સજાઓને પાત્ર થશે.

(B) બે વર્ષ સુધીની સખત કેદ ની શિક્ષા અથવા એક લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજાઓને પાત્ર થશે.

(C) છ માસ સુધીની સાદી કેદની સજા અથવા પચીસ હજાર રૂપિયા સુધીના દંડની સજાને પાત્ર થશે.

(D) ત્રણ વર્ષ વધુની સખત કેદની શિક્ષા અથવા બે લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજાઓને પાત્ર થશે.

108. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 હેઠળના બાળલગ્ન પ્રતિબંધક અધિકારીની નિમણૂક .......... .

(A) રાજ્ય સરકાર કરે.

(B) મુખ્ય બાળલગ્ન પ્રતિબંધક અધિકારી કરે છે.

(C) જાહેર સેવા આયોગ કરે છે.

(D) રાજ્યપાલ જાહેરનામું બહાર પાડીને કરે છે.

109. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006થી ક્યા કાયદાને નાબુદ કરવામાં આવ્યો છે?

(A) બાળ લગ્ન અધિનિયમ, 2000
(B) વિશિષ્ઠ લગ્ન ધારો, 1955
(C) બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 1955
(D) બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 1929

110. પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, 1958 મુજબ ક્યાં ગુના સંદર્ભે ગુનેગાર ઠરાવેલ વ્યક્તિને અદાલત માત્ર ચેતવણી કે ઠપકો આપી છોડી મુકે છે?

(A) ભારતીય ફોજદારી ધારાની કલમ 379, 380 અથવા 381 નો ગુનો
(B) ભારતીય ફોજદારી ધારાની કલમ 404 અથવા 420 નો ગુનો
(C) ભારતીય ફોજદારી ધારા કે અન્ય કોઈ પણ ધારા હેઠળના 2 વર્ષથી વધુ કેદની શિક્ષાની જોગવાઈ ન હોય તેવા તમામ ગુનાઓ.
(D) ઉપર જણાવેલ તમામ.

111. પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, 1958 મુજબ કયા ગુના સંદર્ભ ગુનેગાર ઠરાવેલ વ્યક્તિને અદાલત સારી વર્તણુંકના લીધે વધુમાં વધુ 3 વર્ષની કેદની શિક્ષા ફરમાવે છે?

(A) એવા ગુના જેની સજા મૃત્યુદંડ હોય.
(B) એવા ગુના જેની સજા આજીવન કેદ હોય.
(C) એવા ગુના જેની સજા મૃત્યુદંડ કે આજીવન કેદ હોય નહિ.
(D) એવા ગુના જેની સજા વધુ મા વધુ 3 વર્ષની કેદ હોય.

112. પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, 1958 હેઠળ, સારી વર્તણુંકના મુદે છોડવામાં આવેલ ગુનેગારને અદાલત પ્રોબેશન અધિકારીની દેખરેખ હેઠળ ઓછામા ઓછી કેટલી મુદત માટે રાખવાનો હુકમ કરી શકે છે?

(A) 1 વર્ષ
(B) 3 મહિના
(C) 2 વર્ષ
(D) 3 વર્ષ

113. પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, 1958 હેઠળ 21 વર્ષથી ઓછી ઉંમરના ગુનેગારને અદાલત કેદની શિક્ષા ફરમાવાશે નહીં, જો તેણે કરેલ ગુનાની શિક્ષા .......... .

(A) મૃત્યુદંડ હોય
(B) વધુમાં વધુ 7 વર્ષ ની કેદ હોય
(C) આજીવન કેદ હોય
(D) આજીવન કેદ સિવાયની કોઈપણ અવધિ કેદ હોય.

114. પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, 1958 હેઠળ, સારી વર્તણુંકના મુદે છોડવામાં આવેલ ગુનેગાર બોન્ડની શરતનો પ્રથમ વખત ભંગ કરે તો અદાલત કેટલા રૂપીયા સુધીનો નાણાકીય દંડ વસુલ કરાવી શકે?

(A) રૂ. 100
(B) રૂ. 500
(C) રૂ. 50
(D) રૂ. 5000

115. પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, 1958 પ્રમાણે ફરજ બજાવતા પ્રોબેશન અધિકારી કોના તાબાને આધીન છે?

(A) જિલ્લા મેજિસ્ટ્રેટ
(B) જિલ્લા પંચાયતના પ્રમુખ
(C) ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ
(D) જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટકલાસ

116. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ 2006 હેઠળ, બાળલગ્નથી જન્મેલા બાળકનો કબજો તથા તેના ભરણપોષણ અંગે હુકમ કરવાની સા કોને છે?

(A) જિલ્લા કલેક્ટર
(B) જિલ્લા અદાલત
(C) બાળલગ્ન પ્રતિબંધક અધિકારી
(D) મુખ્ય જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ

117. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ, 2007 હેઠળ વરિષ્ઠ નાગરિકમાં કઈ વ્યક્તિનો સમાવેશ થાય છે?

(A) 64 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ
(B) 65 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ
(C) 60 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ
(D) 68 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ

118. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ 2007 અંતર્ગત કોઈ પણ ગુનાઓ નીચે પૈકી કેવા હોય છે ?

(A) કોગ્નીઝેબલ અને જામીનપાત્ર
(B) નોન-કોગ્નીઝેબલ અને જામીનપાત્ર
(C) કોગ્નીઝેબલ અને બિનજામીનપાત્ર
(D) નોન-કોગ્નીઝેબલ અને બિનજામીનપાત્ર

119. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ 2007 હેઠળ જે વ્યક્તિના રક્ષણ અને સંભાળમાં વરિષ્ઠ નાગરિક હોય તે વ્યક્તિ તે વરિષ્ઠ નાગરિકને તરછોડવાના ઇરાદાથી કોઈ જગ્યાએ ત્યાગ કરે તો તેને મહત્તમ કેટલી શિક્ષા થઈ શકે છે ?

(A) 1 મહિનાથી વધુ નહી તેવી કેદ અથવા રૂા. 1000 સુધીનો દંડ અથવા બંને
(B) 3 મહિનાથી વધુ નહી તેવી કેદ અથવા રૂા. 5000 સુધીનો દંડ અથવા બંને
(C) 6 મહિનાથી વધુ નહી તેવી કેદ અથવા રૂા.10,000 સુધીનો દંડ અથવા બંને
(D) 1 વર્ષથી વધુ નહી તેવી કેદ અથવા રૂા.10,000 સુધીનો દંડ અથવા બંને

120. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ 2007 અનુસાર જે વ્યક્તિને ટ્રીબ્યુનલ દ્વારા ભરણપોષણની રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવેલ હોય તેણે કેટલા દિવસમાં રકમ જમા કરાવવાની રહેશે ?

(A) હુકમ થયેથી 30 દિવસમાં
(B) હુકમ થયેથી 45 દિવસમાં
(C) હુકમ થયેથી 60 દિવસમાં
(D) હુકમ થયેથી 3 મહિનામાં

121. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ 2007 હેઠળ જો ટરિબ્યુનલ ભરણપોષણ ચુકવવાનો હુકમ કરે તો ભરણપોષણની રકમ પર તેનાં ઉપરાંત ન્યુનતમ કેટલા ટકા અને મહત્તમ કેટલા ટકા સુધીનું સાદું વ્યાજ ચૂકવવાનો પણ હુકમ કરશે ?

(A) ન્યુનતમ 4 % અને મહત્તમ 8 %
(B) ન્યુનતમ 6 % અને મહત્તમ 12 %
(C) ન્યુનતમ 8 % અને મહત્તમ 15 %
(D) ન્યુનતમ 5 % અને મહત્તમ 18 %

122. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ 2007 અનુસાર ટ્રીબ્યુનલ મહત્તમ કેટલી રકમ સુધીનું માસિક ભરણપોષણ ચુકવવાનો હુકમ કરી શકે ?

(A) રૂા. 10,00,000
(B) રૂા. 10,00
(C) રૂા. 7,500
(D) રૂા. 1,00,000

123. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ 2007 અનુસાર ટ્રીબ્યુનલ સમક્ષ કરવામાં આવેલ ભરણ પોષણની અરજી સાથે જો અરજદારે ક્રિમીનલ પ્રોસીજર કોડ પ્રકરણ 9 અન્વયે પણ અરજી કરી હોય તો .......... ?

(A) ટ્રીબ્યુનલ આ અરજી રદ કરશે.

(B) ટ્રીબ્યુનલ અરજદારની ક્રિમીનલ પ્રોસીજર કોડ હેઠળની અરજી પાછી ખેંચવાની વિનંતી ગ્રાહ્ય રાખી અરજદારે કરેલી અરજીની સુનાવણી કરશે.

(C) ટ્રીબ્યુનલ માત્ર આ જ કારણસર ઉપરોક્ત બંને કાયદા હેઠળની અરજીઓ રદ કરી કોઈ પણ એક કાયદા હેઠળ નવી અરજી કરવા આદેશ કરશે.

(D) ટ્રીબ્યુનલ આ અરજી ગ્રાહ્ય ન રાખતા અગાઉની ક્રિમીનલ પ્રોસીજર કોડ હેઠળની અરજી અન્વયે જ કાર્યવાહી ચાલુ રાખવાનો આદેશ કરશે.

124. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ 2007 અન્વયે જે કોઈ પક્ષકાર ટ્રીબ્યુનલના હુકમથી નારાજ હોઈ તે હુકમ થયાના કેટલા દિવસમાં અને ક્યાં અપીલ કરી શકે ?

(A) 30 દિવસમાં જિલ્લા અદાલત સમક્ષ
(B) 90 દિવસમાં હાઈકોર્ટ સમક્ષ
(C) 45 દિવસમાં જિલ્લા કલ્યાણ અધિકારી સમક્ષ
(D) 60 દિવસમાં એપેલટ ટ્રીબ્યુનલ સમક્ષ

125. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ, 2007 હેઠળ માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકના ભરણ-પોષણમાં નીચેના પૈકી કઈ જરૂરિયાતનો સમાવેશ થતો નથી?

(A) રહેઠાણ
(B) કપડા
(C) મનોરંજન
(D) તબીબી સારવાર

126. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ, 2007 અનુસાર માતા-પિતા કે વરિષ્ઠ નાગરિકના બાળકોમા નીચેના માંથી કોનો સમાવેશ થતો નથી?

(A) પુત્ર
(B) પુત્રી
(C) પરણિત પુત્રી
(D) સગીર પુત્ર

127. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960 અંતર્ગત સ્થપાયેલ નિયંત્રણ બોર્ડમા રાજ્યના વિધાનસભામાંથી કેટલા સભ્યો લેવામાં આવે છે ?

(A) 2
(B) 3
(C) 5
(D) 4

128. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960 હેઠળ સ્થપાયેલ નિયંત્રણ બોર્ડમા રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સભ્યો પૈકી ઓછામાં ઓછા કેટલા સ્ત્રી સભ્યો હોવા જોઈએ ?

(A) 2
(B) 3
(C) 1
(D) ઉપરોક્તમાંથી એક પણ વિકલ્પ નહી.

129. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960 હેઠળ સ્થપાયેલ નિયંત્રણ બોર્ડના પ્રથમ અધ્યક્ષની નિયુક્તિ કેવી રીતે થાય છે?

(A) મુખ્યમંત્રીની ભલામણથી નિયંત્રણ બોર્ડના સભ્યોમાંથી કોઈ પણ એક સભ્યની નિયુક્તિ થાય છે.
(B) ગવર્નરની ભલામણથી નિયંત્રણ બોર્ડના સભ્યોમાંથી કોઈ પણ એક સભ્યની નિયુક્તિ થાય છે.
(C) નિયંત્રણ બોર્ડના સભ્યો ચુંટણી કરીને નિયુક્તિ કરે છે.
(D) રાજ્ય સરકાર દ્વારા નિયંત્રણ બોર્ડના સભ્યોમાંથી નિયુક્તિ થાય છે.

130. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960 હેઠળ ''ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ'' અંગેનું મેળવવા માટે કેટલી ફી નિર્ધારિત કરેલ છે ?

(A) 100 રૂા.
(B) 10 રૂા.
(C) 1000 રૂા.
(D) ફી ચુકવણી હોતી નથી.

131. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960ની જોગવાઈઓના પ્રથમ વાર ભંગ કરવા બદલ શું સજા થઈ શકે છે ?

(A) સજા થતી નથી.
(B) 3 માસ સુધીની કેદની સજા અથવા રૂા. 250 સુધીનો દંડ અથવા બંને
(C) છ માસ સુધીની કેદની સજા અથવા રૂા. 1000 સુધીનો દંડ અથવા બંને
(D) 1 વર્ષ સુધીની કેદની સજા અથવા રૂા. 5000 સુધીનો દંડ અથવા બંને

132. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960 હેઠળ આવતા કોઈ પણ ગૃહમા રહેનાર વ્યક્તિના મૃત્યુના સંદર્ભમા મેનેજરે કોને લેખિત અહેવાલ મોકલવાનો હોય છે?

(A) મનેજીંગ કમીટીને
(B) રાજય સરકારને
(C) નિયંત્રણ બોર્ડને
(D) જિલ્લા મેજિસ્ટ્રેટને

133. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960 હેઠળ કોઈપણ કાર્યવાહી શરૂ કરતા પહેલા કોની પૂર્વ મંજૂરી મેળવવી જરૂરી છે ?

(A) જિલ્લા મેજિસ્ટ્રેટ
(B) નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ
(C) જિલ્લા કલેક્ટર
(D) સમાજ સુરક્ષા વિભાગના મંત્રી.

134. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960 અન્વયે ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સની જાળવણી કરવા કે ચલાવવા માંગતા વ્યક્તિએ ઓળખનું પ્રમાણપત્ર લેવા માટેની અરજી કોની સમક્ષ કરવાની હોય છે ?

(A) નિયંત્રણ બોર્ડ સમક્ષ
(B) મનેજીંગ સમિતિ સમક્ષ
(C) ચેરિટી કમિશનર સમક્ષ
(D) કલેક્ટર સમક્ષ

135. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960 અનુસાર, નિયંત્રણ બોર્ડના સભ્યએ પોતાનું રાજીનામું કોની સમક્ષ રજુ કરવાનું હોય છે ?

(A) બોર્ડના ચેરમેન
(B) કલેક્ટર
(C) રાજ્ય સરકાર
(D) જિલ્લા મેજિસ્ટ્રેટ

136. ઓર્ફનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એકટ, 1960 મુજબ સ્ત્રી એટલે

(A) 16 વર્ષ પૂર્ણ કરેલ સ્ત્રી.
(B) કોઈ પણ ઉંમરની સ્ત્રી.
(C) 14 વર્ષ પૂર્ણ કરેલ સ્ત્રી.
(D) 18 વર્ષ પૂર્ણ કરેલ સ્ત્રી.

137. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ ''વિકલાંગતા''માં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી?

(A) કુપોષણ
(B) રક્તપિત્તની સારવાર બાદની અક્ષમતા
(C) હલન ચલનની અક્ષમતા
(D) ઓછી (અલ્પ) દ્રષ્ટિ

138. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 અનુસારના ''પુનઃસ્થાપન'' નીચેનામાંથી શેના સંદર્ભમાં સમજી શકાય નહી?

(A) એવી પ્રક્રિયા જેનાથી વિકલાંગ વ્યક્તિને તેનાં શારીરિક સ્તરના કાર્યો કરવા સમક્ષ બનાવવી.
(B) એવી પ્રક્રિયા જેનાથી વિકલાંગ વ્યક્તિને તેનાં બોદ્ધિક સ્તરના કાર્યો કરવા સમક્ષ બનાવવી.
(C) પ્રક્રિયા જેનાથી વિકલાંગ વ્યક્તિને તેનાં માનસિક સ્તરના કર્યો કરવા સમક્ષ બનાવવી.
(D) પ્રક્રિયા જેનાથી વિકલાંગ વ્યક્તિને તેનાં આર્થિક સ્તરના કર્યો કરવા સમક્ષ બનાવવી.

139. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 અંતર્ગત કેન્દ્રિય સંકલન સમિતિના સભ્ય તરીકે કોનો સમાવેશ થતો નથી ?

(A) રેલ્વે બોર્ડ ના ચેરમેન
(B) દ્રષ્ટિની વિકલાંગતા માટેની રાષ્ટ્રીય સંસ્થા, દહેરાદુનના ડાયરેક્ટર
(C) લોકસભામાંથી ચુંટાયેલા બે સભ્યો
(D) સર્વોચ્ચ અદાલતના નિવૃત ન્યાયાધીશ

140. નીચેનામાંથી કોણ હોદ્દાની રૂએ વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારા, 1995ની કેન્દ્રીય સંકલન સમિતિના સભ્ય ગણાય છે ?

(A) મજુર, રોજગાર અને તાલીમના ડાયરેક્ટર જનરલ
(B) ચેરીટી વેલફેર ઓફિસર
(C) લોકસભાના અધ્યક્ષ
(D) રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના પ્રમુખ

141. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 અન્વયે કેન્દ્રિય સંકલન સમિતિ વર્ષમાં ઓછામાં ઓછી કેટલી વખત મળવી જોઈએ ?

(A) વર્ષમાં એક વખત
(B) છ માસમાં એક વખત
(C) દર ચાર માસે એક વખત
(D) દર માસે એક વખત

142. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ કેન્દ્રીય સંકલન સમિતિના કાર્યો પૈકી નીચેનામાંથી ક્યા કાર્યનો સમાવેશ થતો નથી ?

(A) કેન્દ્ર સરકારને વિકલાંગતાના સંદર્ભમાં નીતિ ઘડતરમાં સલાહ આપવી.
(B) કેન્દ્રીય સંકલન સમિતિના અધ્યક્ષની ચૂંટણી દ્વારા નિયુક્તિ કરવી.
(C) વિકલાંગ વ્યક્તિને પડતી મુશ્કેલીઓ અંગે રાષ્ટ્રીય નીતિ ઘડવી.
(D) વિકલાંગ વ્યક્તિઓની પૂર્ણ ભાગીદારી તથા સમાનતા પ્રાપ્ત કરવાના કાર્યક્રમો પર દેખરેખ રાખવી.

143. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળની કેન્દ્રીય વહીવટી સમિતિના અધ્યક્ષ કોણ હોય છે ?

(A) સમાજ કલ્યાણ વિભાગના મંત્રી
(B) સમાજ કલ્યાણ વિભાગના કેન્દ્ર સરકારના મુખ્ય સચિવ
(C) સમાજ કલ્યાણ વિભાગના IAS અધિકારી
(D) સમાજ કલ્યાણ વિભાગના કેન્દ્ર સરકારના રાજ્ય કક્ષાના મંત્રી

144. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ કેન્દ્રિય સમિતિના ક્યા સભ્યને કેન્દ્ર સરકાર દ્વારા ભથ્થું આપવામાં આવે છે ?

(A) સમાજ કલ્યાણ વિભાગના જોઈન્ટ સેક્રેટરીને
(B) કેન્દ્ર સરકારના પ્રતિનિધિને
(C) રોજગાર અને તાલીમ વિભાગના ડાયરેક્ટર જનરલને
(D) વિકલાંગ વ્યક્તિઓના સંદર્ભમાં કાર્યરત હોય તેવા NGOના પ્રતિનિધિને

145. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળની કેન્દ્રિય વહીવટી સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી કેટલી વાર મળવી જોઈશે ?

(A) છ મહિનામાં એક વાર
(B) ત્રણ મહિનામાં એક વાર
(C) ચાર મહિનામાં એક વાર
(D) દર મહિને એક વાર

146. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ સમુચિત સરકાર અને સ્થાનિક સત્તાએ વિકલાંગ બાળકને કઈ ઉંમર સુધી મફત શિક્ષણની બાંહેધરી આપવાની રહેશે ?

(A) 18 વર્ષની ઉંમર સુધી
(B) 16 વર્ષની ઉંમર સુધી
(C) 14 વર્ષની ઉંમર સુધી
(D) ઉંમરના કોઈ બાધ વગર

147. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ સમુચિત સરકાર દ્વારા વિકલાંગો માટે રોજગાર હેતુથી આપવામાં આવતા આરક્ષણની ટકાવારી કુલ જગ્યાની સાપેક્ષમાં કેટલી હોવી જોઈએ ?

(A) 5 ટકા
(B) 3 ટકા
(C) 9 ટકા
(D) 1 ટકા

148. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ વિકલાંગો માટેના રોજગારી વિશેના આરક્ષણની જોગવાઈ કઈ વિકલાંગ વ્યક્તિઓને લાભ આપતી નથી ?

(A) દ્રષ્ટિહીન વ્યક્તિઓને
(B) સાંભળવામાં અક્ષમ વ્યક્તિઓને
(C) માનસિક રોગીષ્ટ વ્યક્તિઓને
(D) અલ્પ દ્રષ્ટિવાળી વ્યક્તિઓને

149. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ સરકારી સહાય મેળવતી તમામ શૈક્ષણિક સંસ્થાઓએ વિકલાંગ વ્યક્તિઓ માટે ત સંસ્થામાં કેટલા ટકા આરક્ષણ રાખવાનું રહેશે?

(A) 1
(B) 3
(C) 5
(D) 7

150. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળમુખ્ય કમિશ્નર દ્વારા તૈયાર કરવામાં આવેલ વાર્ષિક અહેવાલ કેન્દ્ર સરકાર કોની સમક્ષ રજુ કરશે ?

(A) વડાપ્રધાન અને પ્રધાનમંડળના દરેક મંત્રી સમક્ષ
(B) નાણામંત્રી સમક્ષ
(C) સંસદના દરેક ગૃહ સમક્ષ
(D) કંટ્રોલર અને ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયા સમક્ષ

151. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ વિકલાંગ વ્યક્તિઓ માટેની સંસ્થાઓને આપવામાં આવતા નોંધણીના પ્રમાણપત્રની અવધિ પૂરી થાય ત્યારબાદ કેટલા સમયમાં તેને રિન્યુ કરવા માટે અરજી કરવાની રહેશે?

(A) 30 દિવસમાં
(B) 45 દિવસમાં
(C) 60 દિવસમાં
(D) 10 દિવસમાં

152. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ માત્ર વિકલાંગ વ્યક્તિને મળતી સવલતો જો કોઈ અવિકલાંગ વ્યક્તિ કપટપૂર્વક મેળવે તો તેને કેટલી સજા થઈ શકે ?

(A) બે વર્ષ સુધીની કેદઅથવા રૂા. 20,000 સુધીનો દંડ અથવા બંને
(B) ત્રણ વર્ષ સુધીની કેદ અથવા રૂા. 50,000 સુધીનો દંડ અથવા બંને
(C) પાંચ વર્ષ સુધીની કેદ અથવા રૂા. 1,00,000 સુધીનો દંડ અથવા બંને
(D) માત્ર રૂા. 50,000 સુધીનો દંડ

153. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ વિકલાંગ વ્યક્તિ એટલે એવી વ્યક્તિ કે જેની ......... અક્ષમતાને તબીબી સામંડળ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોય.

(A) 50 % કે વધુ
(B) 40 % કે વધુ
(C) 60 % કે વધુ
(D) 75 % કે વધુ

154. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમો, 1996 હેઠળ વિકલાંગતાનું પ્રમાણપત્ર કોના દ્વારા આપવામાં આવે છે ?

(A) કલેકટર
(B) રાજ્ય સંકલન સમિતિ
(C) વિકલાંગો માટેની સંસ્થાના વડા
(D) મેડીકલ બોર્ડ

155. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમો, 1996 હેઠળ કેન્દ્રીય સંકલન સમિતિ દ્વારા ખાસ સભા બોલાવવાની હોય તો તે અંગે ઓછામાં ઓછા કેટલા સભ્યો દ્વારા લેખિત નિવેદન આવેલ હોવા જોઈએ ?

(A) 5
(B) 10
(C) 15
(D) 20

156. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમો, 1996 અન્વયેની કેન્દ્ર સંકલન સમિતિની સામાન્ય સભા માટે તેનાં સભ્યોને કેટલા દિવસ અગાઉ તે અંગે નોટીસ આપવાની રહેશે ?

(A) 5
(B) 10
(C) 15
(D) 7

157. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમો, 1996 અન્વયેની કેન્દ્ર સંકલન સમિતિના સભ્યોની યાદી તથા સરનામા કોને રાખવા ફરજીયાત છે ?

(A) મેમ્બર સેક્રેટરીએ
(B) પ્રીસાઈડીંગ ઓફિસરે
(C) અધ્યક્ષે
(D) ઉપાધ્યક્ષે

158. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમો, 1996 હેઠળ રચાયેલ કેન્દ્રીય સંકલન સમિતિની ખાસ સભા માટેના કોરમ માટે ન્યુનતમ કેટલા સભ્યોની હાજરી હોવી અનિવાર્ય છે ?

(A) ન્યુનતમ 2/3 સભ્યો .
(B) અધ્યક્ષ અને કુલ સભ્યોના 1/2 સભ્યો
(C) કુલ સભ્યોના 1/2 સભ્યો
(D) કુલ સભ્યોના 1/3 સભ્યો

159. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમો, 1996 અન્વયે વિકલાંગ વ્યક્તોના સંદર્ભમાં કેન્દ્ર સંકલન સમિતિ દ્વારા રાખવામાં આવેલ મિટિંગના રેકોર્ડ (મિનીટસ)નું નિરીક્ષણ કોણ કરી શકે છે ?

(A) સમિતિનો કોઈ પણ સભ્ય
(B) સમિતિનો સભ્ય ન હોય તેવો કોઈ પણ વ્યક્તિ
(C) સરકારની સેવામાં હોય તેવો કોઈ પણ વ્યક્તિ
(D) કોઈ પણ બિન સરકારી સંગઠનનો સભ્ય

160. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમો, 1996 હેઠળ અધ્યક્ષની હાજરીમાં થયેલ કેન્દ્ર સંકલન સમિતિની કોઈ મીટીંગમાં જો કોઈ પ્રશ્નના સંદર્ભમાં સમાન વોટ આવ્યા હોય તો બીજો વોટ કે કાસ્ટિંગ વોટ આપવાની સા કોની પાસે છે ?

(A) કેન્દ્રિય સંકલન સમિતિના અધ્યક્ષ પાસે
(B) કેન્દ્રિય સંકલન સમિતિના ઉપાધ્યક્ષ પાસે
(C) કેન્દ્રિય વહીવટી સમિતિના અધ્યક્ષ પાસે.
(D) મેમ્બર સેક્રેટરી પાસે

161. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો, 1995 હેઠળ કેન્દ્રિય સંકલન સમિતિની મીટીંગની મિનીટસ પર કોની સહી લેવામાં આવે છે ?

(A) હાજર રહેલ સમિતિના તમામ સભ્યોની
(B) કોરમમાં પડતા હોય તેટલા જ સભ્યોની
(C) પ્રીસાઈડીંગ ઓફિસરની
(D) સમિતિના ઉપાધ્યક્ષની

162. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમો, 1996 અન્વયેની કેન્દ્ર સંકલન સમિતિની સામાન્ય સભામાં જો સમિતિના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કોણ સમિતિના પ્રીસાઈડીંગ ઓફિસર રહેશે ?

(A) મેમ્બર સેક્રેટરી
(B) હાજર સભ્યો દ્વારા તેમાંના પૈકી જ ચૂંટાયેલ સભ્ય
(C) પ્રીસાઈડીંગ ઓફિસરની ગેરહાજરીમાં સભા ચાલશે.
(D) સભ્યો પૈકીના વરિષ્ઠ સભ્ય

163. વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) નિયમો, 1996 હેઠળ મેડીકલ બોર્ડમાં ઓછામાં ઓછા કેટલા સભ્યો હોવા જરૂરી છે ?

(A) 3 (B) 5

(C) 7 (D) 9

164. માહિતી અધિકાર અધિનયમ, 2005 અનુસાર માહિતી માંગવાનો અધિકાર કોને છે ? .

(A) 18 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિને (B) 21 વરસથી વધુ ઉંમરની વ્યક્તિને.

(C) કોઈપણ વ્યક્તિને (D) ભારતના નાગરિકને.

